પ્રેસનોટ

તા-૧૩.૦૨.૨૦૨૬

આજરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન-એ માં વોર્ડ નંબર 28 પાંડેસરા વિસ્તારમાં શાળા ક્રમાંક 219/220,ઉધના ઝોન -એ મા વડોદ વિસ્તાર માં શાળા ક્રમાંક 33, કતારગામ ઝોનમાં ગોટાલાવાડી વિસ્તારમાં શાળા ક્રમાંક 117/118,વરાછા ઝોન-એ માં ભાતની વાડી વિસ્તારમાં શાળા ક્રમાંક 90 પ્રાથમિક શાળા મળી કુલ ૪ શાળા ભવનો તથા રાંદેર ઝોન માં ભાટપોર પ્રાથમિક શાળાની ખાતમુહુર્ત મળી કુલ ૫ શાળા ભવનોના નિર્માણ માટે ગુજરાત સરકારશ્રીના સમગ્ર શિક્ષા વિભાગના સહયોગ થી અંદાજે રૂપિયા ૨૭ કરોડના ખર્ચે નવા શાળા ભવનોના લોકાર્પણ-ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી. જેના થકી અંદાજે ૮૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને લાભ મળશે. ગુજરાત સરકારશ્રી ના સમગ્ર શિક્ષા વિભાગ દ્વારા આજદિન સુધી ૨૫૦ કરોડથી વધુના ખર્ચે સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ માટે ૬૦ થી વધુ શાળા ભવનો મંજૂર કરવામાં આવેલ છે.

સદર કાર્યક્રમમાં માન.ધારાસભ્ય કાંતીભાઈ બલર, માન.ધારાસભ્ય શ્રી.સંદીપભાઈ દેસાઈ , માન.ધારાસભ્ય શ્રી.મનુભાઈ પટેલ ,માન. ડે.મેયરશ્રી ડૉ.નરેન્દ્રભાઈ પાટીલ, માન. નેતા શાસક પક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા ,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના માન. અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ કાપડિયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રી,મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્યશ્રીઓ , શાળાનાં વિદ્યાર્થીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારી,કર્મચારીઓ તથા અન્ય મહાનુભવો મળી બહોળી સંખ્યામાં લોકો સહભાગી બન્યા હતા.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકાતરફથી સાદર સમાચાર યાદી નં તા.૫૭૮,

તા.૧૩/૦૨/૨૦૨૬




સુરત
સંચાલિત
શ્રી શ્યામજી કૃષ્ણ
નગર પ્રાથમિક



